The Economic Times (Guj.)

June 16, 2017
Pg.5

EDII

ઈડીઆઈએ સ્ટાર્ટ-અપને ધિરાણ માટે યસ બેન્ક સાથે જોડાણ કર્યું

અમદાવાદઃ આંત્રપ્રિન્યોરશિપ ડેવલમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ પોતાની સંસ્થા દ્વારા સપોર્ટેડ સ્ટાર્ટ-અપ્સને ધિરાણ આપવા યસ બેંક સાથે જોડાણ કર્યું છે. આ જોડાણ હેઠળ યસ બેંકે સીજીટીએમએસઈ પ્રોગ્રામ (ક્રેડિટ ગેરન્ટી ફંડ ટ્રસ્ટ ફોર માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝ) હેઠળ ઈડીઆઈઆઈ સપોર્ટેડ સ્ટાર્ટ-અપ ગ્રીન આઈડિયોલોજીને ₹૫૦ લાખની લોન આપી છે. ૨૦૧૩માં અભિષેક લોઢા અને નીરજા લાખાણી દ્વારા સ્થાપિત ગ્રીન આઈડિયોલોજીએ ભારતની પ્રથમ પ્રીમિયમ ઓર્ગેનિક એન્ટિમાઈક્રોબાયલ લોન્જરી બ્રાન્ડ 'ઈનર સેન્સ' પ્રસ્તુત કરી છે અને તે ઝડપી વૃદ્ધિ કરી રહી છે. ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "ઘણાં વર્ષોથી ઈડીઆઈઆઈ સ્ટાર્ટ-અપ્સને માર્ગદર્શન અને સાથસહકાર આપે છે પરંતુ એક શૈક્ષણિક સંસ્થા તરીકે આ સ્ટાર્ટ-અપ્સને ધિરાણ કરવાની અમારી ક્ષમતા ઓછી છે."